કાલુપુર બેંક
ધી કાલુપુર કોમર્શિયલ કો-ઓપરેટીવ બેંક લિ.
સ્થાપના : ૧૯૭૦ મલ્ટી સ્ટેટ શિડ્યુલ્ડ બેંક

મુખ્ય કચેરી : "કાલુપુર બેંક ભવન", ઇન્કમટેક્ષ સર્કલ પાસે, આશ્રમ રોડ, અમદાવાદ - ૩૮૦ ૦૧૪.
ફોન નં. : ૨૭૫૮૨૦૨૦ થી ૨૭૫૮૨૦૨૬

# -: સભાસદ સહાયક યોજના :-

બેંકના આધસ્થાપક અને ભૂતપૂર્વ ચેરમેન શ્રી બળદેવભાઇ ડોસાભાઇ પટેલનું તા.૧૨-૭-૯૭ ના રોજ નિધન થયું હતું. તેઓશ્રીના સ્મરણાર્થે બેંકે "સભાસદ સહાયક યોજના" નામની એક યોજના સભાસદના મૃત્યુ બાદ તેમના વારસદાર અગર નોમીનીને સહાયરૂપ થાય તે રીતે અમલમાં મુકેલ છે. આ યોજના હેઠળ સભાસદના મૃત્યુ બાદ વારસદાર અગર નોમીનીને આર્થિક સહાય આપવામાં આવે છે. યોજનાના નિયમો નીચે મુજબ છે :

૧. આ યોજના તા.૧૨-૭-૯૭ થી અમલમાં છે.

૨. કોઇપણ વ્યક્તિગત સભાસદના મૃત્યુ બાદ તેના નોમીની અગર વારસદારે મૃત્યુ બાદ વધુમાં વધુ ૩ માસ સુધીમાં પુરાવા સહિત લેખિત અરજી કરવાની રહેશે, જે મંજુર થયેથી રૂા.૧૦,૦૦૦/- આર્થિક સહાયરૂપે ચુકવવામાં આવશે. તા. ૩૧-૩-૯૮ પહેલાં જે સભાસદો મૃત્યુ પામ્યા હોય તેવા કિસ્સામાં અરજી તા.૩૦-૬-૯૮ સુધી સ્વીકારવામાં આવશે. ત્યારબાદ અરજી સ્વીકારવામાં આવશે નહીં.

૩. આ યોજના ફક્ત વ્યક્તિગત સભાસદોના કિસ્સામાં જ લાગુ પડે છે અને અન્ય સભાસદો જેવા કે કંપની, ભાગીદારી પેઢી, વ્યક્તિગત પેઢી વિગેરેના નોમીની કલેઇમ કરી શકશે નહીં.

૪. જે સભાસદે બેંકમાં પોતાના નોમીની તરીકે જેનું નામ દાખલ કરાવેલ હશે અને બેંકના રેકોર્ડમાં જે નામ હશે, તે વ્યક્તિ આ કલેઇમ મેળવવા પ્રથમ હક્કદાર બનશે અને તે નોમીનીના નામે આ રકમ ચૂકવવામાં આવશે.

૫. આ કલેઇમ મેળવવા અંગે જે કિસ્સામાં બેંકના રેકોર્ડમાં કોઇ નોમીની હશે નહી તે કિસ્સામાં વારસાઇ હક્ક અંગેનું પ્રમાણપત્ર મેળવ્યા બાદ વારસદારોને સંયુકત નામે અગર કોઇ એક અધિકૃત વારસદારને નામે જરૂરી દસ્તાવેજો રજુ કર્યા બાદ સહાયની રકમ ચુકવવામાં આવશે.

૬. આ યોજના હેઠળ સહાય મેળવવા માટે નિયત કરેલ પ્રોફોર્મામાં અગર તે મુજબ અરજી કર્યે જરૂરી નિર્ણય લેવામાં આવશે.

૭. તા.૦૧-૦૪-૨૦૨૦ પછી અવસાન પામેલ વ્યક્તિગત સભાસદોના વારસદાર/નોમીનીને આર્થિક સહાય રૂપે રૂા.૧૫,૦૦૦/- ચૂકવવામાં આવશે.

૮. આ યોજના અંતર્ગત નાણાં ચુકવવા અંગેનો આખરી નિર્ણય બેંકનો રહેશે અને તે સંબંધિત હક્કદારને બંધનકર્તા રહેશે.

૯. આ યોજનાના નિયમોમાં ફેરફાર કરવાનો બેંકને અબાધિત હક્ક રહેશે.

Sd/-
વિનોદ જી. દાદલાણી
(જનરલ મેનેજર)